ઓગસ્ટ ૨૦૧૫

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

કિંમત ₹ ૧૨/-

HAPPY BIRTHDAY 7th

## માંસાહાર કરાય?



# સંપાદકીય

બાળમિત્રો,

માંસાહાર ન કરાય, એવા સંસ્કાર આપણને ગળથૂથીમાં જ મળેલા હોય છે. છતાં મોટા થતાં ફેશનને લઈને, મિત્રોથી પ્રેરાઈને કે કુતુહલવશાત આપણે માંસાહાર કરતા થઈ જઈએ છીએ. કંઈ નહીં તો ઈંડા ખાવા સુધી તો પહોંચી જ જઈએ છીએ.

માંસાહાર મનુષ્યને કઈ રીતે અહિતકારી છે, રોજિંદા જીવનમાં જ નહીં, પણ ધર્મ અને અધ્યાત્મમાં પણ કેટલી હદે પછાડી દે છે, એનું સચોટ વર્ણન પરમ પૂજ્ય દાદાશ્રીએ કર્યું છે, જે આ અંકમાં આવરી લેવામાં આવ્યું છે.

તો આવો, આ અંક વાંચીએ અને આપણે પણ કાયમને માટે માંસાહારથી છેટા રહીએ.

-ડિમ્પલ મહેતા

તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૭, અંક : ૧૨
સળંગ અંક : ૮૪
ઓગસ્ટ ૨૦૧૫

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website:
kids.dadabhagwan.org

Printed & Published by


Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.





## દાદાજી કહે છે.....

પ્રશ્નકર્તા : કહેવાય છે કે માંસાહાર કરવાથી નર્કગતિ થાય.

દાદાશ્રી : એ વાત તદ્દન સાચી છે. ખાવાની બધી બહુ ચીજો છે. શું કરવા બકરાને કાપો છો ? મરઘીને કાપીને ખાવ છો ? એને ત્રાસ નહીં થતો હોય ? એનાં મા-બાપને ત્રાસ નહીં થતો હોય ? તમારા છોકરાંને ખાઈ જાય તો શું થાય ? જે જીવ આપણાથી ત્રાસે, જે જતું રહે, ભડકે, તરફડે, એને મરાય નહીં. માંસાહાર મનુષ્ય માટે અત્યંત અહિતકારી ખોરાક છે. માંસાહાર એ નરી પાશવતા છે, અવિચારું દશા છે અને આપણે તો વિચારશીલ છીએ. એક જ દહાડો માંસાહાર ખાવાથી માણસનું મગજ ખલાસ થઈ જાય, પશુ જેવા થઈ જાય. એટલે મગજ જો સારું રાખવું હોય તો ઈંડા ખાવા સુધીનું બંધ કરી દેવું જોઈએ.

પ્રશ્નકર્તા : ઘરમાં અમે એગ્સ (ઈંડા) ખાધા છે.

દાદાશ્રી : શું કરવા માટે ખાધેલા ?

પ્રશ્નકર્તા : શરીર સારું કરવા ખાધેલા.

દાદાશ્રી : ઈંડા હોય અને બચ્ચાં હોય એ બેઉ એક જ છે. કોઈનું ઈંડું ખાવું અને કોઈનું બચ્ચું ખાવું એમાં ફેર નથી. કોઈના બચ્ચાં ખાઈ જવાનું પસંદ ખરું તને ?

પ્રશ્નકર્તા : ના, ના.

દાદાશ્રી : કેમ એમ ?

પ્રશ્નકર્તા : ભાવે જ નહીં.

દાદાશ્રી : ત્યારે એ ઈંડા એ જ છે, બચ્ચાં જ છે. તને નથી લાગતું કે બચ્ચાં જ છે ? એની મહીં બચ્ચું જ થવાનું છે.

પ્રશ્નકર્તા : આ ઈંડા એ ત્રાસ પામતા નથી. તો એ ખાવાં કે નહીં ?

દાદાશ્રી : ઈંડા ત્રાસ પામતાં નથી. પણ ઈંડામાં અંદર જે જીવ રહ્યો છે ને, તે બેભાન અવસ્થામાં છે. એ તો મનુષ્યનોય ગર્ભ ચાર-પાંચ મહિનાનો હોય તે ઈંડાની પેઠે જ હોય છે. માટે કંઈ એને મરાય નહીં. એમાંથી એ ફૂટે ત્યારે આપણને ખબર પડે કે નહીં ?

પ્રશ્નકર્તા : તરત ખબર પડે.


દાદાશ્રી : એટલે આ ઈંડું આપણાથી ના ખવાય.

પ્રશ્નકર્તા : દહીં તો ખાઈ શકીએ. તો આ દહીંમાં જે જીવો છે એ અને ઈંડાના જીવોમાં ફેર શો છે ? દહીં ખાવામાં વાંધો નહીં અને ઈંડું ખાવામાં વાંધો શો ?

દાદાશ્રી : એવું છે, ઈંડામાં જે જીવ છે, તે પંચેન્દ્રિય જીવ છે. અને ભગવાને કહ્યું છે કે તમે એકેન્દ્રિય જીવ બધા ખાજો. કારણ કે જીવ વગર તો બીજો ખોરાક જ નથી.

# આ તો નવી જ વાત !

આપણી આ ગાયો
કોઈ દહાડો માંસાહાર કરતી નથી,
આ ઘોડા ને ભેંસોય માંસાહાર કરતી નથી અને
તે શોખેય ના કરે. બહુ ભૂખી હોય, ને માંસાહાર
મૂકીએ તોય એ ના કરે. એટલું તો જાનવરોમાં
હોય છે. તો આપણે તો મનુષ્યો છીએ.




દાદાશ્રી : પણ, તમારે માંસાહાર કરવો હોય તો મને વાંધો નથી જાતે કાપીને ખાવ મરઘી. લોહી જુએ તો આમ ગભરાઈ જાય, અરેરાટી છૂટી જાય, એનાથી માંસાહાર ખવાય જ કેમ કરીને ? કોઈક કાપે અને તમે ખાવ એ મિનિંગલેસ છે. તમે એ મરઘુ કપાતું હોય, તે ઘડીએ એની જે આર્તતા (વેદનાભરી ચીસ) સાંભળોને, તો આખી જિંદગી સુધી વૈરાગ ના જાય, એટલી આર્તતા થાય. મેં જાતે સાંભળેલું. ત્યારે મને થયું કે ઓહોહો, કેટલું દુઃખ થતું હશે ?





# પ્રોમિસ



“ધક, ધક, ધક, ધક.....” પાર્થના હૃદયના ધબકારા, એના કાનમાં વાગી રહ્યા હતા. દરિયાના પ્રાણીઓના વિકરાળ ચહેરાઓ જોઈ પાર્થ બેબાકળો બની ગયો. ‘આ દરિયાની વચોવચ હું શું કરી રહ્યો છું?’ એને કંઈ જ સમજાઈ નહોતું રહ્યું. ભયના કારણે એનું આખું શરીર ધ્રુજી રહ્યું હતું. દરિયાના મોજાઓની ઝાપટો ખાઈને એ સાવ અશક્ત બની ગયો હતો. અચાનક, એક શાર્ક માછલીએ એના પર તરાપ મારી અને એના મોઢામાંથી કીકિયારી નીકળી ગઈ, “બચાવો!”

પાર્થનો હાથ જોરથી કોઈ વસ્તું પર પડ્યો અને ત્યાં તો મોટી એલાર્મની ઘંટડી વાગી. પાર્થની આંખો ખુલી ગઈ. સાત વાગ્યાનો એલાર્મ વાગી રહ્યો હતો. સટાક દઈને પાર્થ પથારીમાં બેઠો થયો. એલાર્મ બંધ કરી માથા પર જામેલા પરસેવાના ટીપા લૂછ્યા. સપનું હતું એમ જાણીને પાર્થને થોડી ક્ષણો માટે રાહત થઈ. પણ ફરી પાછું એનું હૃદય ભારે થઈ ગયું.

આમ તો આગલી સાંજથી જ પાર્થને ભયંકર બેચેની થઈ રહી હતી. વારે વારે એની આંખો સામે પેલું દ્રશ્ય આવી રહ્યું હતું. આંખો બંધ કરે તો પણ એ દૃશ્ય એના હૃદયમાંથી ભૂંસાતું નહોતું.

વાત એમ હતી કે આગલા દિવસે પાર્થ એના ફ્રેન્ડસ સાથે કેમ્પિંગ પર ગયો હતો. મહિનાઓથી એ આ ટ્રીપની રાહ જોઈ રહ્યો હતો. જ્યારથી અમેરિકાની ધરતી પર પગ મૂક્યો હતો ત્યારથી એણે નિરાંતનો શ્વાસ લીધો ન હતો. બસ કામ, કામ ને કામ, એટલે ફ્રેન્ડસ સાથે કેમ્પિંગ ટ્રીપ પર જવાનો પ્લાન બન્યો ત્યારથી એની ખુશીનો પાર નહોતો.



ધાર્યા પ્રમાણે પાર્થ કેમ્પિંગમાં ખૂબ મજા કરી રહ્યો હતો. બધા ફ્રેન્ડસ મળીને જાત જાતની ગેમ્સ રમ્યા, ગીતો ગાયા, કુદરતી સૌંદર્યના ફોટા પાડ્યા અને ખૂબ ધમાલ-મસ્તી કરી. બપોર સુધીમાં તો બધા થાકી ને ઠુસ થઈ ગયા. થોડો આરામ કરીને સહુએ ફિશિંગ (માછલીઓ પકડવાની રમત)નો પ્લાન બનાવ્યો. પાર્થ ફિશિંગથી પરિચિત નહોતો અને ફિશિંગ કરવામાં એને કોઈ ઈન્ટરેસ્ટ પણ નહોતો. પણ ફ્રેન્ડસના દબાણને કારણે એ બધા સાથે લેક (તળાવ) પર ગયો. લેક પર એ રળિયામણું કુદરતી સૌંદર્ય માણી રહ્યો હતો, ત્યાં તો એક ફ્રેન્ડની બુમ સંભળાઈ, "પકડી લીધી!"

જોયું તો એના ફ્રેન્ડના ફિશિંગ-રોડ પર એક માછલી પકડાઈ ગઈ હતી. માછલીને રોડ પરથી છૂટી પાડી, એટલે થોડો વખત એ તરફડી અને પછી એણે શ્વાસ મૂકી દીધો. એની મૂંગી તડપ અને વેદના જોઈ પાર્થ હલી ગયો. પોતાના ફ્રેન્ડનો ઉશ્કેરાટ જોઈને એને મનમાં થયું, "કોઈ જીવને તડપાવીને આટલું ખુશ કેવી રીતે થવાય?" માછલીની તડપ અને વેદનાનું દ્રશ્ય તો પાર્થે સહન કરી લીધું. પણ રસોઈ કરવા માટે જ્યારે એના ફ્રેન્ડે માછલીને કાપી ત્યારે એ દ્રશ્ય એના માટે અસહ્ય બની ગયું. એને જબરદસ્ત અરેરાટી થઈ ગઈ.

આગલા દિવસે જોયેલું એ દ્રશ્ય એના હૃદયમાંથી ભૂંસાતું નહોતું. ઉપરથી રાતના સપનાએ એને

વધુ બેચેન કરી નાખ્યો. હાથમાં ચાનો કપ લઈને પાર્થ બાલ્કનીમાં બેઠો. એના મનમાં વિચારોનું વમળ ચાલી રહ્યું હતું. એક બાજુ એને એના ફ્રેન્ડસ પર ગુસ્સો આવી રહ્યો હતો તો બીજી બાજુ પોતાની ગુનેગારીનો જબરદસ્ત ખેદ થઈ રહ્યો હતો. એ પણ તો હંમેશા નોનવેજ ખાવાના પક્ષમાં જ હતો. ભૂતકાળની યાદોમાં એ ખોવાઈ ગયો.

તે દિવસે પાર્થ મોટી બહેન સાથે સુપર-માર્કેટ ગયો હતો. પાર્થે એક નાસ્તાનું પેકેટ ઉઠાવ્યું, ત્યારે દીદીએ એને ટોકેલો, ''પાર્થ, આ પેકેટ મૂકી દે. જો એના પર 'રેડ' સિમ્બોલ છે. એનો મતલબ એ છે કે એમાં કોઈ એનિમલ પ્રોડક્ટ વાપરવામાં આવ્યું છે. આપણા કામનું નથી.''

''શું દીદી, તું પણ! આટલી બધી ચીકાશ કરવાની શી જરૂર છે? એનિમલ પ્રોડક્ટ હોય તો શું થઈ ગયું? મેં તો નથી માર્યુંને એ એનિમલ ને! અને મને તો આ બહુ ટેસ્ટી લાગે છે.'' પાર્થે દલીલ કરી.

''તે નથી માર્યું, પણ મારનાર કરતા ખાનારને વધું પાપ લાગે છે. અને તારામાં હિંમત હોય તો જાતે મારીને ખા ને! એકવાર મરઘીને કપાતા જોઈશ તો આખી જિંદગી નોનવેજ ખાવાનું નામ નહીં લે! તને ખ્યાલ નહીં હોય પણ નોનવેજના પરમાણુ આપણા હાર્ટ પર અસર કરે, અને છેવટે હાર્ટ-ફેઈલ થઈને ઊભું રહે.'' દીદીએ પાર્થને ચેતવ્યો.

''પણ દીદી, નોનવેજ તો બધા જ ખાય છે. હવે થોડા મહિનાઓમાં હું અમેરિકા જઈશ. ત્યાં મને બધી જગ્યાએ વેજ ફૂડ તો નહીં મળેને? એટલે મારે પણ નોનવેજ ખાવું જ પડશે!'' પાર્થે એની દલીલ ચાલું રાખી.

તે વખતે તો દીદીએ પાર્થને કશું જ કહ્યું નહીં પણ ઘરે જઈને ગાંધીજીની ''સત્યના પ્રયોગો'' ચોપડી આપી અને બોલ્યા, ''પાર્થ, ગાંધીજી જ્યારે પ્રથમ વખત ઈંગ્લેન્ડ ગયા હતા, ત્યારે એમની ઉંમર લગભગ અઢારેક વર્ષની હતી. તે વખતે એમની માતાએ એમની પાસે માંસાહાર ન કરવાનું પ્રોમિસ માંગેલું. એક પળનો પણ વિલંબ કર્યા વગર ગાંધીજીએ એમની માતાને પ્રોમિસ આપ્યું. અને ઈતિહાસ સાક્ષી છે કે ગાંધીજીએ માતાને આપેલા પ્રોમિસનું આજીવન પાલન કરેલું. હવે તું જ મને કહે કે જો ૧૮૮૮માં ગાંધીજીને લંડનમાં વેજ ફૂડ મળી રહ્યું હતું તો આજે, જ્યારે આખી દુનિયામાં વેજીટેરીયનીઝમ (શાકાહારી ફૂડ) માટે આટલી જાગૃતતા છે, તો તને શું વાંધો આવવાનો છે? જો માંસાહાર ન કરવાનો આપણો નિશ્ચય સ્ટ્રોંગ હોય તો કોઈ સંજોગ કે વ્યક્તિ આપણને માંસાહાર ન કરાવી શકે. શું તું મને પ્રોમિસ આપીશ કે તું અમેરિકા જઈને માંસાહાર નહીં કરે?''

તે દિવસે પાર્થે કોઈ જ જવાબ નહોતો આપ્યો. પણ આજે ફરી દીદીના એ શબ્દો પાર્થના કાનમાં ગુંજ્યા અને એ એકદમ વર્તમાનમાં આવી ગયો. ચાનો કપ બાજુમાં મૂકી એણે ખાનામાંથી ગાંધીજીની ''સત્યના પ્રયોગો'' ચોપડી કાઢી. ચોપડી પર ધૂળ જામી ગઈ હતી. ધૂળ સાફ કરી એ ચોપડી વાંચવા બેઠો. માતાને આપેલું પ્રોમિસ પાળવા ગાંધીજીએ જે સંયમ આદર્યો હતો તે વાંચીને પાર્થને ખૂબ શક્તિ મળી. વાંચતા વાંચતા સમય ક્યાં નીકળી ગયો એનો એને ખ્યાલ પણ ન રહ્યો.

ત્યાં તો ફોનની ઘંટડી વાગી.

''હાય પાર્થ, કેમ છે?'' ઈન્ડિયાથી દીદીનો ફોન હતો. પાર્થે દીદી સાથે ઘણી લાંબી વાતો કરી.

ફોન મૂકતાં પહેલા પાર્થે કહ્યું, "દીદી, તને યાદ છે, તેં મારી પાસે એક પ્રોમિસ માંગેલું?"

"હા," દીદીએ ટૂંકો જવાબ આપ્યો.

"દીદી, આજે હું તને એ પ્રોમિસ આપું છું." ધીમા અવાજે પાર્થે કહ્યું.

"જો માંસાહાર ન કરવાનો આપણો નિશ્ચય સ્ટ્રોંગ હોય તો કોઈ સંજોગ કે વ્યક્તિ આપણને માંસાહાર ન કરાવી શકે."



# એક દિવસ ફાર્મ હાઉસ પર...



રવિવારની સવાર હતી. ઘડિયાળમાં આઠના ટકોરા વાગ્યા, ત્યાં તો નીતિ નાહી-ધોઈને તૈયાર થઈ ગઈ હતી. એટલામાં ગાડીનો હોર્ન સંભળાયો.

"નીતિ, જલ્દી કર બેટા. મીરા એના ડેડી સાથે લેવા આવી ગઈ છે." નીતિના મમ્મીએ બૂમ પાડી.

"બસ મમ્મી, રેડી જ છું," ખભા પર પર્સ ભેરવી નીતિ બહાર દોડી, "બાય મમ્મી, મીરાના ડેડી મને સાંજે ઘરે મૂકી જશે."

"ઓ.કે, હેવ ફન બેટા." એમ કહી મમ્મી ઘરમાં પાછા ફર્યા અને કામે વળગ્યા.

નીતિ અને એની ફ્રેન્ડ મીરાએ, મીરાના મામાના ફાર્મ હાઉસ પર આખો દિવસ ગાળવાનો પ્લાન બનાવ્યો હતો. નીતિએ, મીરા પાસેથી ફાર્મ હાઉસની એટલી બધી વાતો સાંભળી હતી કે ફાર્મ હાઉસ જોયા વગર જ એનું એક સુંદર મજાનું ચિત્ર નીતિના મનમાં દોરાઈ ગયું હતું.

જેવી નીતિ ગાડીમાં બેઠી કે આગળની સીટ પર બેઠેલી મીરાએ પાછળ ડોકિયું કર્યું અને કહ્યું, "મામીએ મને ફોન પર કહ્યું કે આપણા માટે કંઈક સરપ્રાઈઝ છે."

શું સરપ્રાઈઝ હશે એનું અનુમાન કરવામાં આખો રસ્તો ક્યાં પસાર થઈ ગયો એની ખબર પણ ના પડી.

જેવી પપ્પાએ ગાડી પાર્ક કરી, મીરા ગાડીમાંથી બહાર કૂદી અને દોડીને મામીને વળગી પડી, "મામી, શું સરપ્રાઈઝ છે? જલદી કહોને!"

"અરે મારી દીકરી, કેટલી ઉતાવળી થાય છે!" વહાલથી મામીએ મીરાના ગાલ ખેંચ્યા અને કહ્યું, "વાત એમ છે કે તારી ફ્રેન્ડ ગૌરી ગાયે એક વાછરડાને જન્મ આપ્યો છે. તારે અને નીતિએ એના બચ્ચાનું નામ પાડવાનું છે."


"ખરેખર? હાઉ સ્વીટ!" મીરા ઉછળી પડી, "ચાલ નીતિ, આપણે ગૌરીને જોવા જઈએ."

તબેલામાં જઈને જોયું તો ગૌરી ગાય એના વાછરડાને વહાલ કરી રહી હતી. નાનકડા વાછરડાને જોઈને નીતિને ખૂબ ઉમળકો આવ્યો.

પ્રેમથી નીતિએ વાછરડાના માથે હાથ ફેરવ્યો અને કહ્યું, "મીરા, આ બચ્ચાનું નામ 'ગોપી' રાખીએ?"

"શ્યોર!" કહી મીરા, ગોપી પાસે પલાંઠી વાળીને બસી ગઈ. મીરા અને નીતિએ ગોપી સાથે કાલી-કાલી ભાષામાં ઘણી બધી વાતો કરી.

"ચાલ, હવે હું તને કોઈ બીજા સાથે મળાવું." થોડી વાર રહીને મીરા નીતિને સસલાઓ પાસે લઈ ગઈ.



નાનકડા આકર્ષક સસલાઓને જોઈને નીતિ ઘેલી બની ગઈ. મીરા અને નીતિ સસલાઓ સાથે રમી રહ્યા હતા, ત્યાં તો એમને એક ઊંહકારો સંભળાયો.

"મીરા, ત્યાં જો. એક મરઘીનું બચ્ચું ઘવાયેલું પડ્યું છે", બચ્ચા તરફ ઈશારો કરી, નીતિ એની પાસે દોડી.

"અરે, આ તો સોનું છે." મીરાને એ બચ્ચાની ઓળખાણ પડી ગઈ. ગયા વખતે એ જ્યારે ફાર્મ હાઉસ પર આવી હતી, ત્યારે એણે જ આ બચ્ચાનું નામ 'સોનુ' પાડેલું.

નીતિ બચ્ચાને હાથમાં લેવા ગઈ તો બચ્ચું ગભરાઈને વધુ કકળવા લાગ્યું. વહાલથી નીતિએ બચ્ચાને કહ્યું, "સોનું, હું તને મારવાની નથી. તને વાગ્યું છે ને, એટલે હું તારી દવા કરવાની છું."

બચ્ચાના ઘા પર નીતિએ માટીનો લેપ ચોપડયો અને એને એક હૂંફાળી જગ્યા પર બેસાડયું. એને મૂકીને મીરા અને નીતિ તળાવ પર બતકોને દાણા નાખવા ગયા. આખો દિવસ કયાં પસાર થઈ ગયો, એની ખબર પણ ના પડી. છુટા પડતી વખતે નીતિએ મામા-મામીનો આભાર માન્યો અને કહ્યું, "મીરાની જેમ મેં પણ ગૌરી, ગોપી, સોનું એ બધા સાથે પાક્કી દોસ્તી કરી લીધી છે. એમની સાથે રમવા, હું ફરી આવીશ!"

"ચોક્કસ આવજે." કહી મામા-મામીએ બન્નેને વિદાય આપી.

ઘરે પહોંચતા જ નીતિ મમ્મીને વળગી પડી, "મમ્મી, મમ્મી...આજે મને એટલી બધી મજા આવી છે કે હું તને શું કહું."

"પહેલા તું જલદી ફ્રેશ થઈને જમવા આવ. જમતા જમતા બધી વાતો કરજે. મેં તારું ભાવતું બનાવ્યું છે."



નાહી ધોઈને નીતિ ડાઈનીંગ ટેબલ પર ગોઠવાઈ ગઈ. પ્લેટમાં હેમ-બર્ગર અને ચીકન-ટીક્કા મસાલા પીરસાયેલા હતા. પ્લેટમાં ચીકન-ટીક્કા જોઈને નીતિને થોડી ક્ષણો માટે ચક્કર આવી ગયા. એને કંઈક ઝબકારો થયો અને એ પ્લેટને તાકતી જ રહી.

મમ્મીને નવાઈ લાગી, "શું કરે છે નીતિ, કેમ ખાતી નથી?"

મમ્મીના સવાલથી નીતિ વર્તમાનમાં પાછી ફરી, "મમ્મી, આ ચીકન કયારેક તો જીવતી હશે ને?"

નીતિએ ધીમા અવાજે પૂછયું, "શું મારા ડિનર માટે એને કોઈકે કયાંક મારી હશે?"

"હાસ્તો વળી, જીવતી તો હશે જ ને! કોઈક કસાઈએ એને મારી હશે!" કહી મમ્મીએ હલકો નિઃસાસો નાખ્યો.

નીતિની આંખો પર પડેલી પટ્ટી અચાનક ખુલી. પોતે જે પ્રાણીઓનું માંસ ખાતી હતી, એમને કયારેય જીવિત કલપ્યા જ નહોતા. અને આજે એણે એ જ બધા પ્રાણીઓ સાથે દોસ્તી કરી હતી.

નીતિના શરીરમાં કંપારી છૂટી ગઈ. સોનુંને કરેલી મલમપટ્ટી એને યાદ આવી.

"જરીક અમથા ઘામાં પણ સોનું કેવું ઊંહકારા ભરતું હતું. તો આ ચીકનને મારી કાઢી હશે, ત્યારે એને કેવી ભયંકર વેદના થઈ હશે?"

નીતિનું હૃદય ભરાઈ આવ્યું. હેમ-બર્ગરમાં બ્રેડ ઉંચી કરીને એણે મમ્મીને પૂછયું, "મમ્મી, 'હેમ' એટલે? હેમ-બર્ગરમાં શું હોય?"

નીતિએ પહેલા કયારેય આવા પ્રશ્નો મમ્મીને પૂછ્યા નહોતા. અચાનક એની કુતુહલતા જોઈને મમ્મીને નવાઈ લાગી. 'હેમ' એટલે કાઉ-મીટ (ગાયનું માંસ).

મમ્મી એ ટૂંકમાં જ જવાબ આપ્યો.

થોડી ક્ષણો માટે નીતિનો શ્વાસ રોકાઈ ગયો. એને ભયંકર ગૂંગણામણ થવા લાગી. એ બાથરૂમમાં દોડી ગઈ અને એણે અંદરથી સ્ટોપર મારી દીધી.

અરીસામાં પોતાનું મોઢું જોવાની પણ એને શરમ આવી. એની આંખોમાંથી ટપટપ આંસુ પડવા લાગ્યા.

'હેમ-બર્ગરમાં ગાયનું માંસ હોય? એનો મતલબ કે મારી પ્લેટમાં ગોપી કે ગૌરીનું કોઈ ફ્રેન્ડ કે સગું-વહાલું પણ હોઈ શકે.' આ વિચારથી કશું ખાધા વગર જ એને ઉલટી જેવું થવા લાગ્યું.

એના મનમાં વિચારોની શ્રૃંખલા ચાલું જ રહી. 'જો હેમ-બર્ગર બનાવવા માટે કોઈ કયારેક ગૌરીને મારી નાખે તો? ગોપી એની મમ્મી વગર કેવી રીતે રહી શકે?'

ગૌરી, ગોપીને વહાલ કરતું દ્રશ્ય એની આંખો સામે છવાઈ ગયું અને એ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. ત્યાં તો મમ્મીએ બાથરૂમનો દરવાજો ખખડવ્યો, "શું થયું નીતિ? દીકરા, દરવાજો ખોલ..."

ધીમેથી નીતિએ સ્ટોપર ખોલી અને મમ્મીને ભેટી પડી. થોડી ક્ષણો માટે એ કશું જ બોલી નહીં. એની છાતીમાં ડૂમો ભરાઈ ગયો હતો. મમ્મીએ એના આંસુ લૂછ્યા અને એને પલંગ પર બેસાડી. નીતિ થોડી શાંત થઈ. મમ્મીના હાથ પોતાના હાથમાં લઈને એ બોલી, "મમ્મી, પ્રાણીઓને પણ આપણા જેવી જ વેદના અને લાગણીઓ થાય. પ્રાણીઓ મારા ફ્રેન્ડસ છે. હું મારા ફ્રેન્ડસને કેવી રીતે ખાઈ શકું? આજથી હું નોન-વેજ ફુડ અડીશ પણ નહીં. આઈ પ્રોમિસ!"

# માંસાહાર સંબંધી મહાન પુરુષોના વિચારો

૧

જ્યાં સુધી મનુષ્યો પ્રાણીઓની હત્યા કરશે, ત્યાં સુધી તેઓ એકબીજાની હત્યા કરશે. જે ખૂન અને પીડાના બી રોપે, તે કદી પ્રેમ અને આનંદ ન લણી શકે.

**પાયથાગોરસ (મેથેમેટીશ્યન - ગણિતશાસ્ત્રી)**

૨

કોઈપણ રાષ્ટ્રની મહાનતા અને નૈતિક પ્રગતિનું મૂલ્યાંકન, એ રાષ્ટ્રનું એના પ્રાણીઓ તરફના વલણ પરથી થઈ શકે.

**મહાત્મા ગાંધી**

૩

અહિંસા એ સૌથી મોટો સિદ્ધાંત છે, અને સંપૂર્ણ ઉત્ક્રાંતિનો ધ્યેય છે. જ્યાં સુધી આપણે બીજા જીવને નુકસાન પહોંચાડવાનું બંધ નહીં કરીએ, ત્યાં સુધી આપણે જંગલીમાં ખપીશું.

**થોમસ એડીસન, (સાયન્ટિસ્ટ)**

૪

મારો દેહ બીજા પ્રાણીઓની કબર નહીં બને.

**લીઓનાર્ડો ડાવિન્ચી (પેન્ટર, સાયન્ટિસ્ટ, આર્કીટેક્ટ, લેખક)**

૫

લોકો માંસાહાર કરે છે અને વિચારે છે કે તેઓ બળદ જેવા બળવાન બની જશે, પણ એ લોકો ભૂલી જાય છે કે બળદ પોતે ઘાસ ખાય છે.

**પીનોકારૂસો (ઈટાલિયન લેખક)**

૬

શું તમે કોઈ પ્રાણીની આંખમાં જોઈને કહી શકો, "મારી ભૂખ તારી પીડા કરતાં વધુ મહત્વની છે ?"

**મોબી (અમેરિકન મ્યુસીશ્યન અને ફોટોગ્રાફર)**

૭

પ્રાણીઓ મારા મિત્ર છે અને હું મારા મિત્રોને નથી ખાતો.

**જ્યોર્જ બર્નાર્ડશો, લેખક**

૮

જો કસાઈખાનાઓને કાચની દીવાલો હોત તો બધા જ વેજીટેરિયન (શાકાહારી) હોત.

**સર પોલમેકાર્ટની (બ્રિટિશ મ્યુસીશ્યન)**

# જીવંત ઉદાહરણ

મુસ્લિમ સંતોમાં અનેક નામી સંતો થઈ ગયા. એમાં સંત રાબિયાનું નામ ખૂબ ગર્વથી લેવાય છે. એક દિવસ રાબિયા જંગલમાં ગયા. જંગલનાં પશુ-પક્ષીઓ, જાનવરોને તેઓ નિહાળી રહ્યા હતાં. ધીમે ધીમે વૃક્ષ પર બેઠેલાં તેમ જ આકાશમાં વિહરતાં પક્ષીઓ રાબિયા પાસે એકત્ર થવા લાગ્યાં. હરણ, શિયાળ, વરુ પશુઓ રાબિયાના પગને જીભ વડે ચાટી રહ્યાં હતાં. પક્ષીઓ રાબિયાના ખભે-માથે બેસીને કલશોર કરી રહ્યા હતાં. રાબિયા પશુ-પક્ષીઓની વચ્ચે ખૂબ જ પ્રસન્નતા અનુભવી રહ્યાં હતાં.

એટલામાં ત્યાં સંત હસન બસરી ફરતા ફરતા આવી ચડ્યા. એમણે દૂરથી જોયું કે પશુ-પક્ષીઓ સંત રાબિયાજીને ઘેરી વળ્યાં છે ! તેઓ રાબિયાજીની નજીક આવ્યા કે બધાં પશુ-પક્ષીઓ ત્યાંથી જતાં રહ્યાં !

આથી સંત હસન બસરીને ખૂબ દુઃખ થયું. તેમણે દુઃખી સ્વરે રાબિયાજીને પૂછ્યું : 'રાબિયાજી ! આટલાં બધાં પશુ-પક્ષીઓ તમને વીંટળાઈને વળ્યાં હતાં ને હું જ્યારે તમારી નજીક આવ્યો કે તરત કેમ જતાં રહ્યાં ? જાણે કે હું કોઈ ખૂંખાર આદમી હોઉં એમ મારાથી ડરીને ભાગી ગયા !'

રાબિયાએ સંત હસન બસરીને પૂછ્યું : 'તમે શું ખાઓ છો ?'

હસન બસરીએ કહ્યું કે, 'એને આહાર સાથે શું નિસ્બત છે ?'

રાબિયાએ કહ્યું કે, 'નિસ્બત છે એટલા માટે તો તમને પૂછી રહી છું !'

હસન બસરીએ જવાબ આપ્યો : 'હું માંસ ખાઉં છું.' 'તમારે પશુ-પક્ષીઓ એનું માંસ ખાવું છે અને ઈચ્છા રાખવી છે કે તેઓ તમારી પાસે આવે અને તમને વ્હાલ કરે ?' હિંસકનો ડર સહુને લાગે ! સંત રાબિયાએ કહ્યું.

હસન બસરીની આંખો ખૂલી ગઈ. એ જ ક્ષણે એમણે માંસ નહીં જ ખાવાનો દૃઢ સંકલ્પ કર્યો.



# ચાલો રમીએ...

૧. નીચે આપેલી ખાલી જગ્યામાં કૌંસમાંથી એવો શબ્દ શોધીને મૂકો જેથી આગળ અને પાછળ એમ બે નવા શબ્દો બને.

ઉદાહરણ : Base_____game Ball

Baseball - ballgame

1. Boat_____hold
2. Sit_______bone
3. Play______floor
4. Key_______reaction
5. Phone_____back
6. Fire_______pilot
7. God_______hood
8. Ball_______pencil
9. water______pen
10. back_______way

( Mother, Pen, Ground, Door, Fountain, Chain, House, Call, Fighter, Back )


૨. આપેલા ચિત્રમાંથી નીચે આપેલા ગોળમાં દેખાડેલી વસ્તુઓ શોધો.



# ઐતિહાસિક ગૌરવગાથા

મગધ દેશમાં મમણ શેઠ નામે એક શેઠ રહેતા હતા. એક દિવસ એમના ઘરે એક સાધુ ગોચરી વહોરવા (ભિક્ષા લેવા) પધાર્યા. સાધુને જોઈ તેઓ એકદમ ઉલ્લાસમાં આવી ગયા, ''ઓહોહો ! મારા જેવા અભાગીયાને ત્યાં સામે ચાલીને મુનિવર પધાર્યા? ખરેખર, હું તો ધન્ય થઈ ગયો.''

આનંદમાં ને આનંદમાં એમણે ખૂબ ભાવથી એમના ઘરે ક્યાંકથી આવેલો સિંહ કેસરિયો મોદક સાધુને વહોરાવ્યો.




સાધુ ગોચરી લઈ ચાલ્યા ગયા. મમ્મણ શેઠ પોતાને ધન્યતા અનુભવતા બેઠા હતા. એટલામાં એમના પાડોશી એમને ઘેર આવ્યા અને શેઠને કુતુહલતાથી પૂછ્યું, ''કાકા, પેલો લાડવો ખાધો?''

મમણ શેઠ બોલ્યા, ''ના''

પાડોશીને અચરજ થયું, ''કેમ કાકા?''

મમણ શેઠે એમની ખુશી વ્યક્ત કરતા કહ્યું, ''હમણાં જ ઘરે ગોચરી વહોરવા મુનિ ભગવંત પધાર્યા હતા. એમના પાત્રમાં એ મેં વહોરાવી દીધો. મને ખૂબ આનંદ થયો. દાનનો આવો અણધાર્યો લાભ મળી જવાથી હું તો ધન્ય થઈ ગયો.''



આ સાંભળી પાડોશીથી રહેવાયું નહીં. એ બોલી ઉઠ્યા, ''અરે કાકા! આવી બેવકુફી કરાય?''

શેઠને નવાઈ લાગી. એમણે પૂછ્યું, ''કેમ શું થયું?''

પાડોશીએ ફોડ પાડતા કહ્યું, ''થાય શું? તમારે મુનિ ભગવંતને ગોચરી વહોરાવવી જ હતી તો બીજું કંઈ ખાવાનું વહોરાવવું હતું. આ સિંહ કેસરિયો લાડુ કેમ વહોરાવી દીધો?''

શેઠને સમજણ ન પડતા એમણે પૂછ્યું, ''એમાં શો વાંધો આવ્યો?''

પાડોશીએ કહ્યું, ''અરે, જિંદગીમાં તમે એવો સ્વાદ નહીં ચાખ્યો હોય, જેવો સ્વાદ આ સિંહ કેસરિયા લાડુનો હતો. આવો ઉત્તમ, સ્વાદિષ્ટ લાડવો જીવનમાં પહેલી વાર તમારા હાથમાં આવ્યો અને તમે એ મુનિભગવંતને આપી દીધો! આ બેવકૂફી નહીં, તો બીજું શું કહેવાય?''

આ સાંભળી મમણ શેઠના મોઢા પર જે આનંદ હતો એ ઉડી ગયો. જે લાડુ મુનિને વહોરાવવા બદલ તેઓ પોતાની જાતને ધન્ય માનતા હતા એ જ કાર્ય પર તેઓ ભારે વસવસો (પશ્ચાતાપ) કરવા લાગ્યા, '' અરરરર....મેં આટલો સ્વદિષ્ટ લાડવો વહોરાવી દીધો? મને કેમ આવો ખ્યાલ ન આવ્યો?'' વિચારી તેઓ દુ:ખી દુ:ખી થઈ ગયા.

આમ, ઉંચામાં ઉંચા ભાવ સાથે કરેલા સારા કર્મને એમણે પોતાની જાતે જ ભૂંસી નાખ્યું. પરિણામે, મૃત્યુ પછી તેઓ સાતમી નરકે ગયા.

ફક્ત ભાવ જ ઊંધા કરવાથી કેવું ભયંકર પરિણામ આવીને ઊભું રહે છે!

# મીઠી યાદેં

અમેરિકાની વાત છે. દાદાજી એક મહાત્માના ઘરે ગયા હતા. તે મહાત્માને એક દીકરો અને એક દીકરી હતા. દાદાજીએ એમને પુછ્યું, "તમે નોનવેજ ખાઓ છો?"

છોકરાઓ એ કહ્યું, "હા. કારણ કે અમારી સ્કૂલમાં વેજિટેરિયન ફૂડ મળતું જ નથી અને જમવા માટે અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી."



દાદાજીએ શાંતિથી પોતાનો હાથ આગળ કરી કહ્યું, "નોનવેજ આપણાથી ન ખવાય. પ્રોમિસ આપો કે હવેથી નોનવેજ નહીં ખાઓ."

૧૨ વર્ષની દીકરીએ ખુશ થઈને તરત જ પ્રોમિસ આપી દીધું. પણ મોટા દીકરાએ દાદાજીને કહ્યું, "જો હું તમને પ્રોમિસ આપું તો હું ખાઈશ શું? પછી હું ભૂખ્યો જ રહું."

પણ દાદાજીએ પોતાનો હાથ પાછો લીધા વગર પ્રોમિસ આપવા કહ્યું. છોકરો થોડો અચકાયો, ત્યારે દાદાજીએ તેને કહ્યું "તું પ્રોમિસ તો આપ!"

અને થયું એવું કે બીજા જ દિવસે સ્કૂલમાં જાહેર કરવામાં આવ્યું કે આજથી સ્કૂલની કેન્ટીનમાં વેજિટેરિયન ફૂડ પણ મળશે. બન્ને બાળકો આ સાંભળી ખૂબ જ ખૂશ થઈ ગયા. ઘરે ગયા તો દાદાજીએ એમને પહેલું જ પૂછ્યું કે "તમે સ્કૂલમાં શું જમ્યા?"

બન્ને છોકરાઓ બોલી ઊઠ્યા, "આજે તો ચમત્કાર થઈ ગયો. આજથી સ્કૂલમાં વેજિટેરિયન ફુડ પણ મળશે એવું જાહેર કરવામાં આવ્યું છે."

દાદા કાયમ કહેતા કે દુનિયામાં ચમત્કાર જેવું કશું હોતું નથી. આ ચમત્કાર નહીં તો બીજું શું કહેવાય!

# પઝલના જવાબો

૧

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | House | boathouse - household | 6 | Fighter | firefighter - fighterpilot |
| 2 | Back | Sitback - backbone | 7 | Mother | godmother - motherhood |
| 3 | Chain | Keychain - chainreaction | 8 | Pen | ballpen - penpencil |
| 4 | Call | Phonecall - callback | 9 | Fountain | waterfountain - fountainpen |
| 5 | Ground | Playground - groundreaction | 10 | Door | backdoor - doorway |

૨



## પૂજ્યશ્રીની અમેરિકાની સત્સંગ ટુરની આગલી રાત્રે સીમંધર સીટીમાં યોજાયેલ બાળકોનો ખાસ કાર્યક્રમ









Akram Express

**August 2015**
**Year : 7, Issue : 12**
**Conti. Issue No.: 84**

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

## 'સીમંધર સીટી એક ફેમીલી' પર નાટક





<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.